ફેક્સ : ૨૬૩૦૨૬૫૪ (૦૭૯)
ટેલિફોન : ૨૬૩૦૧૬૪૧૪૩-૨૬૩૦૦૩૪૨-,
૨૬૩૦૦૧૨૬
ટેલીગ્રામ: UNIGUJARAT

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
પોસ્ટ બોક્સ નં૪૦૧૦ .,
નવરંગપુરા, અમદાવાદ૩૮૦૦૦૯-

# ગુજરાત યુનિવર્સિટી
# GUJARAT UNIVERSITY
(NAAC Accredited B++)
www.gujaratuniversity.ac.in

Fax : (079) 26303654
Telephone : 26301341, 26300342-43.
26300126
Telegram : UNIGUJARAT

OFFICE OF THE GUJARAT UNIVERSITY
POST BOX NO. 4010
NAVRANGPURA, AHMEDABAD-380009

નં.૪-અ/પરીક્ષા/૮૯૭૪૭/૨૦૨૦ તા. ૨૫/૦૮/૨૦૨૦

પરિપત્ર નં. : ૭૬

**વિષય : કોવિડ-૧૯ ને કારણે ઉપસ્થિત થયેલ વિશેષ પરિસ્થિતીને ધ્યાને લઈને માત્ર સપ્ટેમ્બર-૨૦૨૦ માં લેવાનર પરીક્ષાઓની વ્યવસ્થા / સંચાલન બાબતેના સૂચનો તથા સંદર્ભ પરીપત્રો બાબત.**

**સંદર્ભ** : (૧) ગુજ. યુનિ. ના પરિપત્ર : ૨૩૯ (૧૯૯ -Re-Revised), તા. ૦૪/૧૦/૨૦૧૭
(૨) ગુજ. યુનિ. ના પરિપત્ર નં. : ૨૯ { ( ૧૪૪ ( Re-Revised ). તા. ૩૧-૧૨-૨૦૧૮ }

ગુજરાત યુનિવર્સિટીની તા. ૦૨/૦૬/૨૦૨૦ની કોવીડ-૧૯ની વિશેષ પરિસ્થિતિમાં અગત્યના સૂચનો તથા પરીક્ષા વ્યવસ્થા અને સંચાલન સમિતિની બેઠકની ભલામણોને એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૦૪/૦૬/૨૦૨૦ની સભાના ઠરાવ ક્રમાંક-૦૯ થી મંજૂર કરેલ છે તથા તા. ૧૪/૦૮/૨૦૨૦ ની સદર બાબતે ડીનશ્રીઓની મળેલ મીટીંગમાં થયેલ ઠરાવ કે જે આ વખતે કોવીડ-૧૯ને કારણે ઉપસ્થિત થયેલ વિશેષ પરિસ્થિતિને ધ્યાને લઈને માત્ર જુન થી સપ્ટેમ્બર – ૨૦૨૦ દરમ્યાન લેવાયેલ / લેવાનાર પરીક્ષા માટેજ લાગુ પડશે. જે નીચે મુજબ છે.

**(કોવિડ વિશેષ) પરીક્ષાઓના સંચાલન માટે અગત્યના સૂચનો**

**જે વિદ્યાર્થીઓએ ઓનલાઈન પરીક્ષામાં બેસવા માટે પસંદગી આપેલ છે તે વિદ્યાર્થીઓ પણ આ ઓફલાઈન પરીક્ષા આપી શકશે, ત્યારબાદ ઓનલાઈન પરીક્ષા આપવાની રહેતી નથી. તેમ છતાં જો વિદ્યાર્થી ઓફલાઈન તથા ઓનલાઈન બંને પરીક્ષા આપશે તો માત્ર ઓફલાઈન પરીક્ષામાં મેળવેલ ગુણના આધારે જ પરિણામ તૈયાર કરવામાં આવશે.**

**જે વિદ્યાર્થીઓ ઓનલાઈન પરીક્ષા જ આપવાના છે તેમની માટે હવે પછી પરીક્ષા કાર્યક્રમ જાહેર કરવામાં આવશે.**

1. **પરીક્ષાની તારીખો અંગે**

આ પરીક્ષાઓ ૩જી થી ૧૦મી સપ્ટેમ્બર અને ૧૨મી થી ૧૯મી સપ્ટેમ્બર ૨૦૨૦ એમ બે તબક્કાઓમાં યોજવામાં આવશે. જે અંગેનો વિગતવાર કાર્યક્રમ વખતો વખત વેબસાઈટ ઉપર મુકવામાં આવશે.

2. **મુખ્ય પરીક્ષાની વ્યવસ્થાઓ અંગે:**

1) મુખ્ય પરીક્ષામાં સોશિયલ ડિસ્ટન્સિંગને ધ્યાને રાખીને એક બ્લોક વધુમાં વધુ માત્ર ૧૫ વિદ્યાર્થીઓની બેઠક વ્યવસ્થા કરવાની રહેશે.
2) વિદ્યાર્થીઓએ પરીક્ષાના સમય કરતા ૧ કલાક વહેલા પરીક્ષા કેન્દ્ર પર પહોંચવાનું રહેશે, તથા કોલેજના ગેટની બહાર પણ સોશિયલ ડિસ્ટન્સિંગને ધ્યાને રાખીને લાઈનમાં ઉભા રહેવાનું રહેશે.
3) કેન્દ્રમાં પ્રવેશ આપતી વખતે દરેક વિદ્યાર્થીઓનું ટેમ્પરેચર સ્ક્રીનીંગ કરવાનું રહેશે. તમામ વિદ્યાર્થીઓનું પ્રવેશ પહેલાં ટેમ્પરેચર સ્ક્રીનીંગ કરી શકાય તે હેતુથી પરીક્ષાના બે સેશન વચ્ચે ૩ કલાકનો સમયગાળો રાખવામાં આવેલ છે. તેથી કેન્દ્ર ઉપર વિદ્યાર્થીની સંખ્યાને ધ્યાને લઈને કેન્દ્ર સંચાલકની અનુકુળતા મુજબ ધસારો ન થાય તે હેતુ થી શક્ય હોય તેટલો વહેલો પ્રવેશ આપવાનું શરુ કરી શકાય.

ફેક્સ : ૨૬૩૦૨૬૫૪ (૦૭૯)
ટેલિફોન : ૨૬૩૦૧૬૪૧૪૩-૨૬૩૦૦૩૪૨-, ૨૬૩૦૦૧૨૬
ટેલીગ્રામ : UNIGUJARAT

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
પોસ્ટ બોક્સ નં૪૦૧૦ .,
નવરંગપુરા, અમદાવાદ૩૮૦૦૦૯-

ગુજરાત યુનિવર્સિટી
GUJARAT UNIVERSITY
(NAAC Accredited B++)
www.gujaratuniversity.ac.in

Fax : (079) 26303654
Telephone : 26301341, 26300342-43. 26300126
Telegram : UNIGUJARAT

OFFICE OF THE GUJARAT UNIVERSITY
POST BOX NO. 4010
NAVRANGPURA, AHMEDABAD-380009

4) માસ્ક પહેરીને આવેલા વિદ્યાર્થીને જ પ્રવેશ આપવો, અને અંદર આવ્યા પછી તેઓ ટોળેના વળે તેની વ્યવસ્થા કોલેજે કરવાની રહેશે.

5) પરીક્ષા શરૂ થતાં પહેલાં બન્ને વખત તમામ પરીક્ષા ખંડ સેનેટાઈઝ કરવાના રહેશે. પરીક્ષા ખંડમાં સેનેટાઈઝરની વ્યવસ્થા રાખવાની રહેશે.

6) હાલના સંજોગોમાં પાણીવાળા દ્વારા તમામ વિદ્યાર્થીઓને પાણી અપાવું અથવા કોમન જગ/ગ્લાસમાંથી તેઓ પાણી લે તેનાથી સંક્રમણનું જોખમ વધી શકે છે. તેથી કોરોના સંક્રમણને કારણે વિદ્યાર્થીઓ પીવાના પાણીની બોટલ જાતેજ લાવે તે હિતાવહ છે તેવી ખાસ સુચના આપવી.

7) પરીક્ષામાં કાર્યરત તમામ સ્ટાફ માસ્ક પહેરશે અને ટેમ્પરેચર સ્ક્રીનીંગ બાદ જ ફરજ બજાવશે. પરીક્ષા સંકુલમાં આરોગ્ય અને સ્વચ્છતા અંગેની રાજ્ય સરકાર તથા કેન્દ્ર સરકાર દ્વારા વખતો વખત જાહેર કરવામાં આવેલ માર્ગદર્શિકાનું પાલન કરવાનું રહેશે.

8) આ વખતના સંજોગોમાં સુપરવાઈઝરના બ્લોક રોજ બદલવાને બદલે શક્ય ત્યાં સુધી તેના તેજ બ્લોકમાં સુપરવિઝન રાખવું. આમ કરવાથી તેમના દ્વારા અને તેમને સંક્રમણની શક્યતા ઘટશે.

9) પરીક્ષા પૂર્ણ બાદ વિદ્યાર્થી કેમ્પસ છોડીને ટોળે ના વળે તેની વ્યવસ્થા રાખવી.

10) જો કોઈ વિદ્યાર્થી તબિયત નાદુરસ્ત હોવાને કારણે પરીક્ષામાં ન બેસી શકે તેમ હોય તો તેની એપ્લીકેશન લઈ ગુજરાત યુનિવર્સિટીના ઓબ્ઝર્વર સાથે મોકલવી , તેમની પરીક્ષા અલગથી વ્યવસ્થા કરવામાં આવશે.

3. <u>મુખ્ય પરીક્ષા માટે રાજ્યના જીલ્લા મથકોએ પરીક્ષાના કેન્દ્રોનું આયોજન કરવા અંગે :</u>

શિક્ષણ વિભાગ દ્વારા આપાયેલ સુચના અનુસાર હોસ્ટેલમાં રહી અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે હાલમાં અમદાવાદમાં હોસ્ટેલ ઉપલબ્ધ ન હોઈને બહારગામ રહેતા વિદ્યાર્થીઓને તેઓની અનુકુળતા અને માંગણી ને ધ્યાને રાખીને શક્ય ત્યાં સુધી અમદાવાદ સિવાયના ગુજરાતના અન્ય સ્થળોએ પણ પરીક્ષા કેન્દ્રોનું આયોજન કરવા અંગે જણાવેલ છે. આવા તમામ કેન્દ્રોની યાદી પરિશિષ્ટ-૧માં સામેલ છે.

4. <u>બેઠક વ્યવસ્થા:</u>

જે તે કોલેજોએ વિદ્યાર્થીઓ માટે સોશિયલ ડિસ્ટન્સિંગને ને ધ્યાને રાખીને બેઠક વ્યવસ્થા ગોઠવવી. શક્ય ત્યાં સુધી બે/ત્રણ વિદ્યાર્થીઓ માટેની બેંચ પર એક જ વિદ્યાર્થીને બેઠક ફાળવવી અને એક વિદ્યાર્થીની પાછળ બીજાને ના બેસાડતા બેન્ચના અલગ છેડે બેસાડવા એટલે કે ZIGZAG વ્યવસ્થા રાખવી. (પ્રથમ બેન્ચ ઉપર વિદ્યાર્થીને જમણી બાજુના ખૂણે અને બીજી બેન્ચ ઉપર વિદ્યાર્થીને ડાબી બાજુના ખૂણે બેસાડવો)

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | | 4 | | 7 | | 10 | | 13 | |
| | 2 | | 5 | | 8 | | 11 | | 14 |
| 3 | | 6 | | 9 | | 12 | | 15 | |

5. <u>હૉલ ટિકિટ (એડમિટ કાર્ડ)માં તથા પરીક્ષા કેન્દ્રના સુધારા અંગે:</u>

વિદ્યાર્થીઓના બેઠક નંબર જાહેર થઇ ગયેલ છે. આ વખતે તેઓની હૉલ ટીકીટ ઓનલાઈન મૂકી દેવાની રહેશે. આ હૉલ ટીકીટની પ્રિન્ટ વિદ્યાર્થીએ જાતે મેળવી લેવાની રહેશે. જો કોઈ વિદ્યાર્થીને પ્રિન્ટીંગ માં કોઈ તકલીફ હોય કે હૉલ ટીકીટમાં વિષય સંદર્ભે

ફેક્સ : ૨૬૩૦૨૬૫૪ (૦૭૯)
ટેલિફોન : ૨૬૩૦૧૬૪૧૪૩-૨૬૩૦૦૩૪૨-,
૨૬૩૦૦૧૨૬
ટેલીગ્રામ : UNIGUJARAT

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
પોસ્ટ બોક્સ નં૪૦૧૦ .,
નવરંગપુરા, અમદાવાદ૩૮૦૦૦૯-

ગુજરાત યુનિવર્સિટી
GUJARAT UNIVERSITY
(NAAC Accredited B++)
www.gujaratuniversity.ac.in

Fax : (079) 26303654
Telephone : 26301341, 26300342-43.
26300126
Telegram : UNIGUJARAT

OFFICE OF THE GUJARAT UNIVERSITY
POST BOX NO. 4010
NAVRANGPURA, AHMEDABAD-380009

કોઈ સુધારો કરાવવાનો હોય તો અને તો જ તેણે પરીક્ષાના બે દિવસ પહેલાં પોતે જે કોલેજમાં અભ્યાસ કરેલ હોય તે કોલેજ નો રૂબરૂમાં સંપર્ક કરવાનો રહેશે અને સંસ્થાના આચાર્યના સહી-સિક્કા કરાવી એક નકલ યુનિવર્સિટીને મોકલવાની રહેશે. ગુજરાત સરકારશ્રીના આદેશાનુસાર ગુજરાત યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પોતાના વતનથી નજીકમાં આવેલ પરીક્ષા કેન્દ્રથી પરીક્ષા આપી શકે તે હેતુથી ગુજરાતના દરેક જીલ્લામાં પરીક્ષા કેન્દ્રની ફાળવણી કરવામાં આવેલ છે. જે માટે વિદ્યાર્થીઓને પરીક્ષા કેન્દ્રમાં ફેરફાર કરાવવા માટે બે તકો આપેલ. તેમ છતાં વિદ્યાર્થી પરીક્ષા કેન્દ્રમાં ફેરફાર કરાવવાનું ચૂકી ગયા હોય અથવા કોઈપણ સંજોગોને કારણે પરીક્ષા કેન્દ્રમાં ફેરફાર થયેલ ન હોય તો તેવા વિદ્યાર્થીએ તેમની પસંદગીનું નજીકનું પરીક્ષા કેન્દ્ર કે જે કોલેજમાં ભણ્યા હોય તે કોલેજના આચાર્યશ્રી મારફતે યુનિવર્સિટીને મોકલી આપવાનું રહેશે. આ માટે વિદ્યાર્થીએ નીચે દર્શાવ્યા પ્રમાણે માહિતી આચાર્યશ્રીને રૂબરૂ અથવા <u>કોલેજના ઇ-મેલ ઉપર</u> ઇ-મેલથી મોકલી આપવી.

નીચે દર્શાવેલ વિગતો માત્ર ઉદાહરણ માટે જ છે. વિદ્યાર્થીએ કોલેજને અને કોલેજના આચાર્યશ્રીએ યુનિવર્સિટીને આ પ્રારુપમા માહિતી મોકલી આપવી.

| **પરીક્ષાનું નામ** | **વિદ્યાર્થી જે કોલેજમાં ભણ્યા તે કોલેજનું નામ** | **વિદ્યાર્થીનું નામ** | **વિદ્યાર્થીનો એનરોલમેંટ નંબર** | **વિદ્યાર્થીનો સીટ નંબર** | **વિદ્યાર્થીને ફાળવેલ કેન્દ્ર** | **વિદ્યાર્થીનું પસંદગીનું કેન્દ્ર** |
|---|---|---|---|---|---|---|
| બીએસસી સેમ-૬ | એમ જી સાયન્સ કોલેજ, અમદાવાદ | અબકડકાખગઘ | ૨૦૧૭૦૨૧xxxxx | ૧૦૧૦ | અમદાવાદ | દાહોદ |

કોલેજના આચાર્યશ્રીએ આવી સુધારેલ હૉલ ટિકિટ (એડમિટ કાર્ડ)ની નકલ સ્કેન કરીને યુનિવર્સિટીને નીચે દર્શાવેલ ઇ-મેલ મારફતે covidexamcenter@gujaratuniversity.ac.in મોકલી આપવી.

6. <u>મુખ્ય પરીક્ષા માટે કોલેજોને યુનિવર્સિટી તરફથી ખર્ચ ચુકવવા અંગે :</u>

કોવીડની સ્થિતિમાં પરીક્ષાના સંચાલન માટે વધુ સ્ટાફ (લગભગ ડબલ સ્ટાફ) ની જરૂર પડે તેમ હોઈને દરેક પરીક્ષા કેન્દ્રને પ્રતિ વિદ્યાર્થી પ્રતિ સેશન રૂ. ૩૫/- ચૂકવવામાં આવશે. જો કેન્દ્ર ઉપર પરીક્ષાર્થીઓની સંખ્યા ઓછી હોય તો આ કોૅવિડ વિશેષ પરીક્ષા સંચાલન માટે ખર્ચ પેઠે નીચે મુજબ ઉચ્ચક રકમ ચુકવવામાં આવશે.

| પરીક્ષાર્થીઓની સંખ્યા | ૧ થી ૨૦ | ૨૧ થી ૩૫ | ૩૬ થી ૫૦ | ૫૧ થી ૬૫ | ૬૬ થી ૮૦ |
|---|---|---|---|---|---|
| ચુકવવાની થતી ઉચ્ચક રકમ પ્રતિ સેશન | રૂ. ૨૦૦૦/- | રૂ. ૨૨૫૦/- | રૂ. ૨૫૦૦/- | રૂ. ૨૭૫૦/- | રૂ. ૩૦૦૦/- |

જો સંખ્યા ૮૧ કે તેથી વધુ હશે તો રૂ. ૩૫/- પ્રતિ વિદ્યાર્થી પ્રતિ સેશન લેખે ચુકવવામાં આવશે આ સિવાય પરીક્ષા કેન્દ્રની વ્યવસ્થા અને સંચાલન માટે સંદર્ભ પરીપત્રો ધ્યાને લેવાના રહેશે.

-Sd-
કુલસચિવ

# પરિશિષ્ટ ૧

| ક્રમ | કોલેજ/સંસ્થાનું નામ | કેન્દ્ર |
|---|---|---|
| 1 | વિદ્યાધીશ વિદ્યા સંકુલ, કાળીયાબીડ, ભાવનગર | Bhavnagar |
| 2 | કવિશ્રી બોટાદકર કોલેજ, બોટાદ | Botad |
| 3 | શ્રી નટવરસિંહજી આર્ટસ એન્ડ સાયન્સ અને કોમર્સ કોલેજ, છોટા ઉદેપુર | Chhotaudepur |
| 4 | શ્રીમતી એસ સી પટેલ ફરતીકુઈવાળા કોમર્સ કોલેજ, ડભોઈ | Dabhoi |
| 5 | નવજીવન આર્ટસ અને કોમર્સ કોલેજ, દાહોદ | Dahod |
| 6 | શેઠ પી ટી આર્ટસ અને સાયન્સ કોલેજ, ગોધરા | Godhra |
| 7 | શ્રી પી એન પંડ્યા આર્ટસ, એમ પી પંડ્યા સાયન્સ અને શ્રીમતી ડી પી પંડ્યા કોમર્સ કોલેજ, લુણાવાડા | Lunawada |
| 8 | મહિલા મહાવિદ્યાલય, વડોદરા | Vadodara |
| 9 | લાઈબ્રેરી સેક્શન, યુનિવર્સિટી કેમ્પસ, ભુજ | Bhuj |
| 10 | શ્રી એસ એસ મહેતા આર્ટસ  અને એમ એમ પટેલ કોમર્સ કોલેજ, હિંમતનગર | Himmatnagar |
| 11 | શ્રી વી આર પટેલ કોલેજ ઓફ કોમર્સ, મહેસાણા | Mehsana |
| 12 | આર્ટસ કોલેજ, મોડાસા | Modasa |
| 13 | એમ એ પરીખ ફાઈન આર્ટસ અને આર્ટસ કોલેજ, પાલનપુર | Palanpur |
| 14 | શ્રી અને શ્રીમતી પી કે કોટાવાલા આર્ટસ કોલેજ, પાટણ | Patan |
| 15 | શારદાપીઠ આર્ટસ, કોમર્સ અને કોલેજ ઓફ એજ્યુકેશન, દ્વારકા | Dwarka |
| 16 | સી પી ચોકસી અને પી એલ ચોકસી કોમર્સ કોલેજ, વેરાવળ | Gir Somnath |
| 17 | બાહુદ્દીન સાયન્સ કોલેજ, જુનાગઢ | Junagadh |
| 18 | ગુરુકુળ મહિલા આર્ટસ અને કોમર્સ કોલેજ, પોરબંદર | Porbandar |
| 19 | કામાણી આર્ટસ અને પ્રતાપરાય કોમર્સ કોલેજ, અમરેલી | Amreli |
| 20 | ડી કે વી આર્ટસ અને સાયન્સ કોલેજ, જામનગર | Jamnagar |
| 21 | શ્રીમતી જી જે શેઠ કોમર્સ કોલેજ, મોરબી | Morbi |
| 22 | કન્વેન્શન બિલ્ડીંગ, સૌરાષ્ટ્ર યુનિ. કેમ્પસ, રાજકોટ | Rajkot |
| 23 | શ્રી એમ પી શાહ આર્ટસ અને સાયન્સ કોલેજ, સુરેન્દ્રનગર | Surendranagar |
| 24 | આણંદ આર્ટસ કોલેજ, આણંદ | Anand |
| 25 | આર્ટસ, સાયન્સ અને આર એ પટેલ કોમર્સ કોલેજ, ભાદરણ | Bhadran |
| 26 | શાહ કે એસ આર્ટસ અને વી એમ પારેખ કોમર્સ કોલેજ, કપડવંજ | Kapadwanj |
| 27 | યુ ટી એસ મહિલા આર્ટસ કોલેજ, નડિયાદ | Nadiad |
| 28 | સરકારી આર્ટસ અને કોમસ કોલેજ, આહવા | Ahwa |
| 29 | એમ કે કોલેજ ઓફ કોમર્સ, ભરૂચ | Bharuch |
| 30 | એસ બી ગાર્ડા આર્ટસ અને કોમર્સ કોલેજ, નવસારી | Navsari |
| 31 | શ્રી એમ આર આર્ટસ અને સાયન્સ કોલેજ, રાજપીપળા | Rajpipla |
| 32 | વનિતા વિશ્રામ મહિલા કોમર્સ કોલેજ, સુરત | Surat |
| 33 | શ્રીમતી જે પી શ્રોફ આર્ટસ કોલેજ, વલસાડ | Valsad |
| 34 | શ્રીમતી આર પી ચૌહાણ આર્ટસ અને શ્રીમતી જે કે શાહ કોમર્સ કોલેજ અને કે ડી શાહ સાયન્સ કોલેજ, વ્યારા | Vyara |